**GJVD150003182025**

Presented on : 18-02-2025
Registered on : 18-02-2025
Decided on : 04-06-2026
**Duration : 1 years, 3 months, 14 days**

**મે.મજૂર અદાલત,વડોદરા ખાતેના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.**
**<u>રેફરન્સ (એલ.સી.વી) અરજી નંબર: ૪૯/૨૦૨૫</u>**
**આંક-૧૪**

**પ્રથમપક્ષકાર:** બાન્કો એલ્યુમિનિયમ લી.
ભાયલી રેલ્વે સ્ટેશન સામે,
મુ.બિલ,તા.જી.વડોદરા -૩૯૧૪૧૦

**:: વિરૂધ્ધ ::**

**બીજાપક્ષકાર:** ધવલકુમાર કિરીટભાઈ પટેલ
કો/ઓ. નયા ગુજરાત કામદાર યુનિયન
ડી-૩૨,સ્વામીનારાયણ નગર-૪,
હરણી રોડ, વડોદરા.

**પ્રથમ પક્ષકાર તરફે :**-યુનિયન પ્રતિનિધિશ્રી પીયુષ દણાંક
**બીજા પક્ષકાર તરફે :**-યુનિયન પ્રતિનિધિશ્રી વિષ્ણુભાઈ મકવાણા

## :: એ વો ર્ડ ::

(૧) આ રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વડોદરાની કચેરીના હુકમ ક્રમાંક:કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./૧૪૦૧ તા.૨૫/૧૦/૨૦૨૪ થી શ્રમયોગીશ્રી બીજાપક્ષકાર ને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્રતમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ સંસ્થામાં પુન:સ્થાપિત કરવા કે કેમ ? તે મુદ્દાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) બીજા પક્ષકાર તરફે આંક-૪ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા મા તા.૦૧/૦૫/૨૦૧૮ ના રોજ ફરજ પર ૬ માસ ના અજમાઈસી કામદાર તરીકે નિમણુક પત્ર આપી નિમણૂક કરવામા આવેલ હતી. અજમાઈસીની મુદત પુરી થયેથી તમો ને લેખિત પત્ર આપી કાયમી કરવા મા આવશે અને જ્યા સુધી આવો હુકમ આપવા મા ન આવે ત્યા સુધી અજમાઈશી ની મુદત વધારા ની ગણવા મા આવશે અને અરજદાર અજમાઈશી કામદાર તરીકે ગણાશે. બીજાપક્ષકાર ની કામગીરી સંતોષકારક હોવાથી તા.૦૧/૧૨/૨૦૧૮નારોજ નિમણુક પત્ર આપી કાયમી કામદારની હેસિયત થી ફરજ પર રાખવા મા આવેલ હતા.બીજાપક્ષકારને કામદાર સંસ્થામા મેલ્ટીંગ અને કાસ્ટીંગ ડિપાર્ટમેન્ટમા ફીટર તરીકે ખુબ જ ખંત અને વફાદારી પુર્વક ની ફરજ ની કામગીરી કરતા હતા.બીજાપક્ષકાર કામદાર પહેલી પાળી સવારના ૭:૪૫ વાગ્યા થી બપોર ના ૪:૧૫ સુધી, બીજી પાળી બપોર ના ૩:૪૫ થી રાત ના ૧૨:૧૫ વાગ્યા સુધી અને ત્રીજી પાળી રાત ના ૧૧:૪૫ થી સવાર ના ૮:૧૫ સુધી ત્રણ પાળી મા ફરજ ની નિયમિત ની કામગીરી કરતા આવેલા છે. બીજાપક્ષકારને પ્રથમપક્ષકાર સંસ્થા માસિક રૂ.૧૫,૭૭૩.૧૦/- ની ચુકવણી કરવામા આવે છે.બીજાપક્ષકાર નોકરીમા જોડાયા ત્યાર થી મેઈન્ટેનન્સ ડિપાર્ટમેન્ટમા ફીટર તરીકે કામ કરતા હતા. પરંતુ પ્રથપક્ષકાર બીજાપક્ષકારને નોકરીમાથી છુટા કરવા ના બદઆશય થી બીજા ડીપાર્ટમેન્ટ મા મુકી સેફ્ટીના સાધનો આપ્યા સિવાય બીજાપક્ષકાર પાસે કામ લેવામા આવતુ હતુ પરંતુ એ બાબતે તા.૦૪/૦૯/૨૦૨૪ના રોજ શ્રી શ્રેયસ જોષી સાહેબ ને સદર બાબત ની લેખિત ફરીયાદ કરેલ હતી અને તે ફરીયાદ લેખિત પક્ષકાર એ નાયબ શ્રમ આયુક્ત શ્રી ની કચેરી, વડોદરા તથા ફેક્ટરી ઈન્સ્પેકટરને પણ નકલ આપેલ હતી. જેથી સદર બાબતની કાર્યવાહી થતા પ્રથપક્ષકાર બીજાપક્ષકારને શારીરીક તથા માનસિક ત્રાસ આપી નોકરી માથી છુટા કરવાની ધમકી આપતા હોવાથી બીજાપક્ષકારે તા.૦૮/૦૫/૨૦૨૪ના રોજ અટલાદારા પોલીસ સ્ટેશન વડોદરા ખાતે લેખિત ફરીયાદ કરેલ હતી. સદર ફરીયાદ બાબતે અટલદરા પોલીસ સ્ટેશન દ્વારા કાર્યવાહી કરતા બીજાપક્ષકારની તા.૧૧/૦૯/૨૦૨૪ થી મૌખિક હુકમથી કોઈ

પણજાતની નોટીસ કે નોટીસ પગાર કે કોઇ પણ જાતની ખાતાકીય તપાસ કર્યા વગર ગેરકાયદેસર રીતે નોકરી માથી છુટા કરતા બીજાપક્ષકારે તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ રજી.એ.ડી થી પ્રથમપક્ષકાર સંસ્થાને નોટીસ આપેલ હતી. તે નોટીસ મળવા છતા પ્રથમપક્ષકાર બીજાપક્ષકારને ફરજ ઉપર રાખવામા આવેલ ન હતા. જેથી બીજાપક્ષકારે નયા ગુજરાત કામદાર યુનિયન દ્વારા ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ હતો. સદર ઔધોગિક વિવાદ પડતર હતો તે સમય દરમ્યાન પ્રથમ પક્ષકાર સંસ્થા એ તા. ૨૪/૧૦/૨૦૨૪ ના રોજ રુ.૩૫,૭૫૮/- બેંક ઓફ બરોડા ની ગ્રેજ્યુઇટીનો ચેક અરજદારના ઘરના સરનામે મોકલવામાં આવેલ હતો. સદર ચેક મળતા બીજાપક્ષકારે સદર ગ્રેજ્યુઇટીનો ચેક તા.૨૯/૧૦/૨૦૨૪ ના રોજ રજી.એ.ડીથી પ્રથમપક્ષકાર સંસ્થાને પરત મોકલી આપેલ છે આમ,પ્રથમપક્ષકારે બીજાપક્ષકારને તા.૧૧/૦૯/૨૦૨૪ થી મૌખિક હુકમથી કોઈ પણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે કોઇ પણ જાતની ખાતાકીય તપાસ કર્યા વિના તેથી તા.૧૧/૦૯/૨૦૨૪થી પડેલા દીવસોના પુરેપુરા પગાર અને નોકરી ઉપર પુન:સ્થાપિત કરવા અને ખર્ચના રૂા.૨૦,૦૦૦/- અપાવવા અરજ કરેલ છે.

(૩) પ્રથમપક્ષકાર આંક- ૯ થી જવાબ રજુ કરેલ છે ,જેમાં તેઓએ જણાવેલ છે કે કામદારની સેવાઓ તા-૧૧/૦૯/૨૦૨૪થી સમાપ્ત કરવામાં આવી હોવાનો આરોપ સાચો નથી અને તે સંબંધિત કામદારે બનાવટી રીતે રજૂ કર્યો છે.પ્રથમપક્ષકાર વધુમાં જણાવે છે કે, કામદારની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી અને તેની સમાપ્તિ સમયે તેના તમામ કાનૂની હકો/ચુકવણીઓ, જેમાં ગ્રેજયુઇટી (Gratuity)નો સમાવેશ થાય છે, ચૂકવવામાં આવી હતી,બીજાપક્ષકારનુ નામ તા-૧૦/૧૦/૨૦૨૪ સુધી કંપનીના મસ્ટર રોલમાં હતું, અને બીજાપક્ષકારે તારીખ-૦૨/૦૯/૨૦૨૪થી ફરજ પર આવવાનું બંધ કરી દીધેલ તેથી સંબંધિત કામદાર સાથે HR વિભાગ દ્વારા અનુસરણ (follow-up) કરવામાં આવ્યું હતું. તેણે ફરજ પર પાછા જોડાવા માટે કોઈ રસ દર્શાવેલ નહી અને અંતે, આ વાતને ધ્યાનમાં રાખીને કે કામદાર નોકરી ચાલુ રાખવામાં રસ ધરાવતો ન હતો અને માત્ર બિનઆધારિત અને ખોટા આરોપો મૂકવા ઈચ્છતો હતો, તેની સેવાઓ તા- ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ પૂર્ણ અને

અંતિમ કાનૂની ચૂકવણીઓ (જેમાં ગ્રેચ્યુઈટીનો સમાવેશ થાય છે) કરીને સમાપ્ત કરવામાં આવી હતી.ઉપરોક્ત કાનૂની હકીકતોના આધારે રજૂ કરવામાં આવે છે કે હાલનો રેફરન્સ મૌખિક ટર્મિનેશન તા. ૧૧/૦૯/૨૦૨૪ પર આધારિત છે,જ્યારે વાસ્તવિક ટર્મિનેશન તા. ૧૦/૧૦/૨૦૨૪ના રોજ પૂર્ણ અને અંતિમ ચુકવણી દ્વારા કરવામાં આવી છે, અને ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદા મુજબ (Kaushik Gandhi v/s Sandesh News Papers,સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. 8376/1994), હાલનો રેફરન્સ રદ કરવામાં આવે છે, તેમજ ક્લેમ સ્ટેટમેન્ટના પેરા ૭ માં કામદારે માગેલી તમામ રાહતો પણ નામંજૂર કરવામાં આવે છે.આથી આ અરજી રદ થવાને પાત્ર છે.

(૪) બીજાપક્ષકાર તરફે જુબાની સ્વરૂપમાં આંક–૧૦ થી સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે.

(૫) પક્ષકારો તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

બીજાપક્ષકાર તરફે આંક–૧૧થી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ

| અનું | વિગત | આંક/ નીશાની |
|---|---|---|
| ૧. | બીજાપક્ષકારને પ્રથમપક્ષકાર સંસ્થા એ તા.૦૧/૦૫/૨૦૧૮ ના રોજ આપવા માં આવેલ નિમણૂક પત્ર ની નકલ | ૧૧/૧ |
| ૨. | બીજાપક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આપવા માં આવેલ પગાર પાવતી ની નકલ | ૧૧/૨ |
| ૩. | બીજાપક્ષકાર કામદારે અટલાદરા પોલીસ સ્ટેશન. વડોદરા ખાતે કરીયાદ કરેલ તેની નકલ | ૧૧/૩ |
| ૪. | બીજાપક્ષકારે તા.૦૪/૦૯/૨૦૨૪ ના રોજ સરકારી શ્રમ આયુકત શ્રી, વડોદરા ને કરીયાદ કરેલ તેની નકલ | ૧૧/૪ |
| ૫. | અમો બીજાપક્ષકારને તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થા ને કરવા બાબતે જણાવેલ તેની નકલ | ૧૧/૫ |
| ૬. | અમો બીજાપક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થા વિરુદ્ધ હ્યૂમન રાઇટસ કમિશન ખાતે ફરીયાદ કરેલ તેની નકલ | ૧૧/૬ |
| ૭. | અમો બીજાપક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા તા.૨૪/૧૦/૨૦૨૪ના રોજે નો ગ્રેજ્યુઇટી નો ચેક મોકલી આપેલ તેની નકલ | ૧૧/૭ |
| ૮. | બીજાપક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા | ૧૧/૮ |

| | | |
|---|---|---|
| | તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ નો ગ્રેજ્યુઇટી નો ચેક પ્રથમ પક્ષકાર સંસ્થા ને પરત મોકલી આપેલ તેની અસલ પાવતી | |
| ૯. | અમો બીજાપક્ષકારને પ્રથમપક્ષકાર સંસ્થા એ છૂટા કરતાં તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ નાયબ શ્રમઆયુકતશ્રી ને ફરીયાદ કરેલ તેની નકલ | ૧૧/૯ |

**(૬)** બીજાપક્ષકાર તરફે આંક-૧૨ થી અને પ્રથમપક્ષકાર તરફે આંક- ૧૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**(૭)** ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

## ::- મુદ્દાઓ -::

(૧) બીજા પક્ષકારને પડેલા દિવસોના પૂરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ?

(૨) શું હુકમ

**(૮)** ઉપરોકત મુદ્દાઓનો નીચે પ્રમાણે જવાબ આપવામાં આવે છે.

મુદ્દા નંબર (૧) : અંશત: હકારમાં

મુદ્દા નંબર (૨) : આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

**(૯) <u>મુદદા નં.૧</u> :-**

ઉપરોકત મુદા અંગેના વિગતવાર કારણો નીચે મુજબ છે :

(૧) આ કામે રેકર્ડ પર રજુ થયેલ લેખિક મૌખિક પુરાવા તથા રજુ રાખવામાં આવેલ દલીલો સંદર્ભે અરજદાર ધ્વારા માંગણાના નીવેદનમાં જે માંગણી કરવામાં આવેલ છે તે સંદર્ભે આઈ. ડી. એકટની જે કાયદાકીય જોગવાઈઓ લાગુ પડે છે તેનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે જે નીચે મુજબ છે :

**<u>કલમ-૨(૦૦) 'છટણી</u>'**

એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે

ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈરછાપુર્વકની નિવૃતિ;

(b)માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ ;

સમાપ્તિ,

**<u>કલમ–૨૫–ખ (25–B) સળંગ નોકરીની વ્યાખ્યા.</u>**

આ પ્રકરણના હેતુઓ માટે–

(૧) કોઈ કામદાર, બિમાર અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સંહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય:

(૨)એક વર્ષ અથવા છ મહિના સંધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય. ત્યારે તેવા કામદારે,–

(૩) (a) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન

(૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ ;

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, એક વર્ષની મુદત સુધી;

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમા ગણ તરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન–

(૧) કોઈ ભુર્ગભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

**કલમ–૨૫ એફ– કામદારોની છટણીની પૂર્વ શરતો**

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા

કામદારની છટણી,

(એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખિત નોટીસ આપવામાં આવી ન

હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, પરંતુ

(બી) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહી.

ન" પાગપ્તાના, અકસી નેવું દિવસ ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, એક વર્ષની મુદત સુધી ;

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમા ગણ તરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન–

(૧) કોઈ ભુર્ગભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

કલમ–૨૫ એફ– કામદારોની છટણીની પૂર્વ શરતો

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા

કામદારની છટણી,

(એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખિત નોટીસ આપવામાં આવી ન

હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને

બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, પરંતુ

(બી) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહી.

**<u>કલમ–૨૫ જી. છટણી માટેની કાર્યરીતી.</u>**

કોઈ ઔધોગિક સંસ્થામાં, ભારતનો નાગરીક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદરહુ સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલીક અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબુલાત ન હોય તો સામાન્ય રીતે માલીકે સદરહ વર્ગમાં છેલ્લે કામે રાખ્યો હોય તે કામદારની છટણી –ડુ કરવી જોઈશે. સિવાય કે માલીકે કારણોની લેખિત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

બીજાપક્ષકાર (શ્રમયોગી)દ્વારા આંક–૧૦થી સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જેની ઉલટ તપાસ દરમ્યાન સ્વીકારેલ છે કે, "*મને તા–૧૧/૦૯/૨૦૨૪ના રોજ છુટા કરેલ છે. એ વાત ખરી નથી કે, મને ૧૦/૧૦/૨૦૨૪ સુધી પુરો પગાર આપ્યો છે. મને છુટટા કરવાનો લેખીત હુકમ આપેલ નથી. હું તા–૦૨/૦૯/૨૦૨૪ પછી ફરજ ઉપર હાજર હતો. તા–૦૨/૦૯/૨૦૨૪થી તા–૧૧/૦૯/૨૦૨૪ સુધી બીજી શીફ્ટ સુધી પ્રથમપક્ષકારની સંસ્થામાં ફરજ બજાવેલ. તા–૦૨/૦૯/૨૦૨૪ થી ૧૧/૦૯/૨૦૨૪ સુધી ફરજ બજાવી છતાં મને પગાર આપેલ નથી. એ વાત ખરી છે કે,એ વાત ખરી છે કે,૦૨/૦૯/૨૦૨૪ થી ૧૧/૦૯/૨૦૨૪ સુધીના સમયગાળાનો મને પગાર ચુકવવામાં આવ્યો નથી તે વાત મે મારા સોગંદનામા માં ને માંગણા નિવેદન માં જણાવેલ નથી. મને આંક–૭ના ચેક સાથે પ્રથમપક્ષકાર તરફ થી કોઈ પત્ર આપવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે, હાલનો કેસ ચાલતો હોવાથી હું અન્ય જગ્યા એ નોકરી કરતો નથી.*"

આ કામે પક્ષકારોના પ્રતિનિધિઓની દલીલ સાંભળી. પ્રથમપક્ષકારની મુખ્ય દલીલ એવી છે કે, બીજાપક્ષકારે સ્વેચ્છાએ નોકરી પર આવવાનું બંધ કરી દીધેલ તેથી કંપનીના એચ.આર ડિપાર્ટમેન્ટ દ્વારા વારંવાર જાણ કરવામાં આવેલ તેમ છતાં બીજાપક્ષકાર નોકરી પર હાજર થયેલ નહી.આમ, બીજાપક્ષકાર નોકરી પર આવવા માંગતા ન હોય ફુલ એન્ડ ફાઇનલ હિસાબ કરી ગ્રેજયુઇટીની રકમનો

ચેક તેમને મોકલવામાં આવેલ.આમ બીજાપક્ષકારે કરેલ રેફરન્સ ન્યાય સંગત ન હોય રદ કરવા વિનંતી કરેલ છે.

બીજાપક્ષકાર તરફે દલીલ એવી છે કે, પ્રથમપક્ષકાર દ્ધારા કોઈપણ કારણ વગર તેમજ છટણી વળતર કે ખાતાકીય તપાસ કર્યા વગર નોકરી માંથી છુટા કરેલ હોય પડેલા દીવસોના  પગાર સાથે પુન:સ્થાપિત કરવા વિનંતી કરેલ છે.

હાલના રેફરન્સમાં રજુ થયેલ પુરાવાઓ અને દલીલો ધ્યાને લીધી.પ્રથમપક્ષકાર દ્ધારા બીજાપક્ષકારને નોકરી પર હાજર થવા માટે કોઈ પત્રાચાર થયેલ હોય એવો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેથી બીજાપક્ષકારને પ્રથમપક્ષકારે કોઈપણ છટણી વળતર કે ખાતાકીય તપાસ કર્યા વગર નોકરી માંથી છુટા કરેલ હોવાનુ સાબીત થાય છે.

બીજાપક્ષકારની નોકરીનો પ્રકાર અને કુલ કરેલ નોકરીનો સમયગાળો ધ્યાને લેતા બીજાક્ષકારને પુન: સ્થાપિત કરવાને બદલે લમસમ વળતર ચુકવવુ ન્યાયોચીત જણાય છે. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના

State Of Gujarat vs Dhulabhai Fulabhai Malivad,

SCA/12731/2020 નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. જેના રીલેવન્ટ પેરા નીચે રજુ કરેલા છે.

11. In view of the aforesaid legal position and the fact that the workmen were engaged as daily-wagers about 25 years back and they worked hardly for 2 or 3 years, relief of reinstatement and back wages to them cannot be said to be justified and instead monetary compensation would subserve the ends of justice."

આમ, રજુ થયેલ પુરાવા અને નામદાર ગુજરાત હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો વંચાણે લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**૧.** બીજાપક્ષકારનો રેફરન્સ અંશત: મજુર કરવામાં આવે છે, અને બીજાપક્ષકારને છુટા કરવાનું પ્રથમપક્ષકાર નું પગલું ગેરકાયદેસર હોઈ આથી પ્રથમપક્ષકારને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં તેઓએ આ કામના અરજદારને લમસમ વળતર પેટે રૂા. ૧,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પુરા) ચુકવી આપવા.

**૨.** હાલની અરજીના ખર્ચ પેટે રૂા.૫૦૦૦/- બીજાપક્ષકારને પ્રથમપક્ષકારે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(સંજયકુમાર સુમંતપ્રસાદ જાની )**

**તા-૦૪/૦૬/૨૦૨૬**

**જી. જે.૦૧૧૮૭**

(ઉર્વિશા પી. વાળા-સ્ટેનો)

**સિનીયર સિવિલ જજ**

**લેબર કોર્ટ નં-૨,વડોદરા**